**કિ.પ.અ.નં.૧૭૪૩/૨૦૧૮.**

**અરજદાર : હર્ષદભાઈ નટવરભાઈ બારોટ.**

**વિરુધ્ધ**

**સામાવાળા : રજીસ્ટ્રારશ્રી,જન્મ–મરણ ખાતુ,**

**અ.મ્યુ.કોર્પોરેશન.**

**આંક–૧ નીચે હુકમ.**

**૧) અરજદારે હાલની અરજી જન્મ–મરણ નોંધણી અધિનિયમની કલમ–૧૩(૩) હેઠળ પોતાના પુત્રીની જન્મની નોંધ કરાવવા માટે દાખલ કરેલ છે. અરજદારે અરજીમાં એવી હકીકતોજણાવેલ છે કે, તેમના પુત્રીનો જન્મ તા.૨૧–૧૦–૧૯૯૧ ના રોજ થયેલ છે અને જે તે વખતેશરતચુકથી તેમના પુત્રીની જન્મ મરણ નોંધણી અધિનિયમ અન્વયે નોંધ કરાવવાની રહી ગયેલ છે જેથી હાલ નોંધ કરાવવા માટે આ અરજી આપેલી છે. અરજદારે અરજીમાં તેમના પુત્રીની જન્મની નીચે મુજબની વિગતો આપેલ છે.**

**જન્મનારનું નામ–પલ્લવી.**

**જન્મતારીખ–૨૧–૧૦–૧૯૯૧.**

**પિતાનું નામ–હર્ષદભાઈ નટવરભાઈ બારોટ.**

**માતાનું નામ–મીનાબેન હર્ષદભાઈ બારોટ.**

**જન્મસ્થળ–વસંત નેચર કયોર હોસ્પિટલ, ટી.વી.ટાવર સામે, થલતેજ,અમદાવાદ.**

**૨) ઉપરોકત મુજબની વિગતો હોઈ અને જે તે વખતે જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોઈ તેથી સામાવાળા અરજદારના પુત્રીની જન્મની નોંધ કરી જન્મનો દાખલો કાઢી આપે તેવી દાદ માંગેલ છે.**

**૩) આ અરજી દાખલ થતાં અરજી રજીસ્ટરે નોંધવામાં આવેલ છે અને કામ અરજીના પુરાવા માટે રાખવામાં આવેલ છે. અરજદારે પોતાની અરજીના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.**

**<u>મૌખિક પુરાવા</u>**

**૧...અરજદારની સરતપાસની એફીડેવીટ, આંક–૫.**

**૨...મીના હર્ષદભાઈ બારોટની સરતપાસની એફીડેવીટ, આંક–૬.**

**૩...અરવિંદભાઈ નટવરભાઈ બારોટની સરતપાસની એફીડેવીટ, આંક–૭.**

**૪...સુરેખાબેન અરવિંદભાઈ બારોટની સરતપાસની એફીડેવીટ,આંક–૮.**

**૬...લીલાબેન કાળીદાસ વાઘેલાની સરતપાસની એફીડેવીટ,આંક–૧૨.**

**<u>દસ્તાવેજી પુરાવા</u>**

**૧...અપ્રાપ્ય પ્રમાણપત્ર, નિ.–૩/૧.**

**૨...સમાચારપત્રમાં આપેલ જાહેર નોટીસ, આંક–૪.**

**૩...જી.આર.ની નકલ, આંક–૧૦.**

**૪) સદર કામમાં જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેલ છે પરંતુ કોઈ વાંધા આવેલ નથી.**

**૫) આ અરજી ઈન્કવાયરી સ્વરુપની હોઈ જેથી અરજદારે જે સરતપાસનું સોગંદનામું આપેલ છે તે પણ સી.આર.પી.સી.કલમ–૨૯૬ હેઠળ ગ્રાહય હોઈ જેથી તેને ધ્યાને લેવામાં આવેલ છે.**

**૬) આ કામે અરજદારના રજુ થયેલા પુરાવા જોતાં અરજદારના પુત્રીની જે તે વખતે જન્મની નોંધ થયેલ ન હોવાનું જણાય છે અને અરજદારના પુરાવા જોતાં અરજદારના પુત્રીનો જન્મ, તારીખ ૨૧–૧૦–૧૯૯૧ ના રોજ થયેલ હોય તેવું જણાય છે તે સંજોગોમાં આ અરજી મંજુર કરવાપાત્ર જણાય છે જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.**

**<u>હુ ક મ</u>**

**અરજી આથી મંજુર કરવામાં આવે છે.**

**આ કામના સામાવાળાને એવો આદેશ કરવામાં આવે છે કે, અરજદારના પુત્રીની નીચે મુજબની વિગતો નોંધી જરુર લેઈટ ફી લઈ જન્મની નોંધ કરી જન્મનો દાખલો કાઢી આપવો, તેવો હુકમ ફરમાવું છું.**

**જન્મનારનું નામ–પલ્લવી.**

**જન્મતારીખ–૨૧–૧૦–૧૯૯૧.**

**પિતાનું નામ–હર્ષદભાઈ નટવરભાઈ બારોટ.**

**માતાનું નામ–મીનાબેન હર્ષદભાઈ બારોટ.**

**જન્મસ્થળ–વસંત નેચર કયોર હોસ્પિટલ, ટી.વી.ટાવર સામે, થલતેજ,અમદાવાદ.**

**હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.**

**તા.૮–૮–૨૦૧૮.**
**અમદાવાદ.**

**( એ.એ.વાયડા)**
**ઈ.ચા.એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,**
**કોર્ટ નં.૮, અમદાવાદ.**
**જીજે ૦૦૯૮૬**